# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૨ તા.૧૫-૦૯-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ૧૫ સપ્ટેમ્બર થી ૦૨ ઓકટોબર ૨૦૨૩ દરમ્યાન શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે જન જાગૃતિના કાર્યક્રમો કરવા બાબત.

સંદર્ભઃ- ૧. મિશન ડાયરેકટરશ્રી- સ્વચ્છ ભારત મિશન અર્બન, ગુજરાત સરકારનાં એસ.બી. એમ. ઈ- ફાઈલ/૩૦૨/૨૦૨૩/૦૩૨૪/ આઈ.ઈ.સી.એલ.

૨. મ્યુનિસિપલ કમિશનરશ્રી, અ.મ્યુ.કો.ના પરિપત્ર નં. ૨૭, તા. ૧૪-૦૯-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અને સંદર્ભિત પત્રો અન્વયે જણાવવાનું કે, હાલમાં માન. વડાપ્રધાનશ્રીના હસ્તે શરૂ કરવામાં આવેલ સ્વચ્છ ભારત મિશનનો સ્વચ્છ ભારત મિશન ૨.૦ મુજબનો બીજો તબક્કો ચાલી રહેલ છે. સદર મિશનની ૯ મી વર્ષગાંઠના ઉજવણીના સંદર્ભે આગામી ૧૫ મી સપ્ટેમ્બર થી ૨ જી ઓકટોબર ૨૦૨૩ સુધી ઈન્ડીયન સ્વચ્છતા લીગ, સફાઈ મિત્ર સુરક્ષા શિબિર તેમજ સ્વચ્છતા પખવાડા અંતર્ગત વિવિધ પ્રવૃતિઓ કરવા માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ હસ્તકની તમામ શાળાઓમાં આ સાથે સામેલ આયોજન મુજબ કાર્યક્રમો કરવાના રહેશે.

આ કાર્યક્રમોમાં મ્યુનિસિપલ પદાધિકારીઓ, હોદ્દેદારો, મહાનુભાવો, સ્થાનિક કાઉન્સિલરો અને અન્ય આગેવાનોને આમંત્રણ આપી કાર્યક્રમ સફળ બનાવવાનો રહેશે. કરેલા કાર્યક્રમના ફોટોગ્રાફ સાથેનો અહેવાલ અત્રેથી આપવામાં આવેલા ફોર્મેટમાં ઝોન ખાતે મોકલી આપવાનો રહેશે.

તા. ૧૫-૦૯-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઈ<br>
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

| ક્રમ | તારીખ | વાર | કાર્યક્રમ |
|---|---|---|---|
| ૧ | ૧૫-૦૯-૨૦૨૩ | શુક્રવાર | - સુકા અને ભીના કચરાની સમજ શાળા કક્ષાએ<br>- પ્લે કાર્ડ ઝુંબેશ |
| ૨ | ૧૬-૦૯-૨૦૨૩ | શનિવાર | - વકતૃત્વ સ્પર્ધા |
| ૩ | ૧૭-૦૯-૨૦૨૩ | રવિવાર | - માન. વડાપ્રધાનશ્રીના જન્મ દિન નિમિત્તે જીવન કવન પર પુસ્તકનું વાંચન (તમામ શાળા)<br>- સાયકલ રેલી- કાંકરીયા લેકફ્રંટની આસપાસની શાળાઓના બાળકો |
| ૪ | ૧૮-૦૯-૨૦૨૩ | સોમવાર | - શાળા સફાઈ ઝુંબેશ |
| ૫ | ૧૯-૦૯-૨૦૨૩ | મંગળવાર | - વર્ગખંડ સુશોભન હરિફાઈ |
| ૬ | ૨૦-૦૯-૨૦૨૩ | બુધવાર | - શાળામાં સફાઈ અંતર્ગત ચિત્રસ્પર્ધા |
| ૭ | ૨૧-૦૯-૨૦૨૩ | ગુરૂવાર | - **સ્વચ્છતા વકતૃત્વ સ્પર્ધા**<br>૧. મારૂ શહેર સ્વચ્છ શહેર<br>૨. સ્વચ્છ જળ નિરોગી જીવન<br>૩. મારી શાળા સ્વચ્છ શાળા<br>૪. પ્લાસ્ટિક મુકત ભારત<br>૫. પર્યાવરણના સંરક્ષણ માટે મારો ફાળો |
| ૮ | ૨૨-૦૯-૨૦૨૩ | શુક્રવાર | - શાળાઓમાં સ્વચ્છતા ક્વિઝ અને સ્વચ્છતા દોડનું આયોજન<br>- વૃક્ષારોપણ |
| ૯ | ૨૩-૦૯-૨૦૨૩ | શનિવાર | - નિબંધ લેખન સ્પર્ધા<br>- પ્લાસ્ટિક ફ્રિ સ્કૂલ માટેની પ્રવૃતિ |
| ૧૦ | ૨૫-૦૯-૨૦૨૩ | સોમવાર | - વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની પ્રવૃતિ |
| ૧૧ | ૨૬-૦૯-૨૦૨૩ | મંગળવાર | - સ્વચ્છતા TLM બનાવવાની પ્રવૃતિ |
| ૧૨ | ૨૭-૦૯-૨૦૨૩ | બુધવાર | - જાહેર સ્થળોની જાળવણી માટે વિવિધ વિડીયો ક્લિપ નિદર્શન |
| ૧૩ | ૨૮-૦૯-૨૦૨૩ | ગુરૂવાર | - શાળા શૌચાલય, યુરિનલ સફાઈ ઝુંબેશ |
| ૧૪ | ૨૯-૦૯-૨૦૨૩ | શુક્રવાર | - વાળ, નખ, દાંત અને શરીર સફાઈ માટેની જાગૃતિ અભિયાન |
| ૧૫ | ૩૦-૦૯-૨૦૨૩ | શનિવાર | - સ્વચ્છ સુલેખન સ્પર્ધા<br>- શાળામાં બુલેટીન બોર્ડ શણગાર<br>- શાળાઓમાં સ્વચ્છતાની પ્રવૃતિઓ અને જાગૃતિની પ્રવૃતિઓ હાથ ધરવી જેમાં બાળકો દ્વારા સ્થળ ઉપર જ કચરાનું વિભાજન, કચરાના નિકાલની સમગ્ર પ્રક્રિયાથી માહિતગાર કરવા.<br>- કમ્પોસ્ટ ખાતર બનાવવાની પ્રવૃતિનું નિદર્શન<br>- વેસ્ટ ટુ વેલ્થ તેમજ શાળામાં સેનિટેશન કલબની શરૂઆત કરવી. |
| ૧૬ | ૦૨-૧૦-૨૦૨૩ | સોમવાર | - દેશની સ્વચ્છતા યાત્રાને પ્રોત્સાહન આપતા વિશેષ કાર્યક્રમ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવું |